RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 350* Date: 10.10.2023,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારત-તાંઝાનિયા લોકલ કરન્સીમાં બિઝનેસ કરવાની તૈયારીમાં

# ભારત અને તાન્ઝાનિયા પરસ્પર વેપાર અને રોકાણ માટે મહત્વપૂર્ણ ભાગીદાર દેશો છે.: વડાપ્રધાન



નવીદિલ્હી,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ દરમિયાન ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર પણ હાજર હતા. પીએમ મોદી અને તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ વચ્ચે દ્વિપક્ષીય બેઠક દરમિયાન ઘણા મહત્વપૂર્ણ કરારો પર સહમતિ બની હતી. આ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે 'ભારત અને તાન્ઝાનિયા વચ્ચેના સંબંધો માટે આજનો દિવસ ઐતિહાસિક દિવસ છે. આજે આપણે આપણા વર્ષો જૂના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સાથે પણ જોડી રહ્યા છીએ. ભારત અને તાન્ઝાનિયા પરસ્પર વેપાર અને રોકાણ માટે મહત્વપૂર્ણ ભાગીદાર દેશો છે. બંને દેશો સ્થાનિક ચલણમાં વેપાર વધારવા માટે કામ કરી રહ્યા છે. ભારતે ટીસીટી કેન્દ્રો, વ્યાવસાયિક તાલીમ અને સંરક્ષણ તાલીમ દ્વારા તાંઝાનિયામાં કૌશલ્ય વિકાસ અને ક્ષમતા નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. અમે જળ વ્યવસ્થાપન, કૃષિ, આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરી રહ્યા છીએ અને તાન્ઝાનિયાના લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સમાં જોડાવાનો તાન્ઝાનિયાનો નિર્ણય બંને દેશોને આ જંગલી જીવોના સંરક્ષણ માટે વૈશ્વિક સંકલન દ્વારા વધુ સારી રીતે કામ કરવા સક્ષમ બનાવશે. ભારત અને તાન્ઝાનિયા માને છે કે આતંકવાદ માનવતા માટે સૌથી મોટો ખતરો છે. આ જ કારણ છે કે આતંકવાદ વિરોધી ક્ષેત્રમાં પણ સહયોગ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલા તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસન આજે રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા. જ્યાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ ભવનમાં સ્વાગત સમારોહ પછી મીડિયા સાથે વાત કરતા તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિએ કહ્યું કે 'બંને દેશો વચ્ચે દાયકાઓથી ઉત્તમ સંબંધો છે. મને આશા છે કે આ મુલાકાત બંને દેશો વચ્ચે રાજકીય અને આર્થિક વિકાસના નવા આયામો ખોલશે. મારો દેશ આશા રાખે છે કે આપણા પૂર્વજોએ જે સંબંધો બાંધ્યા છે તે આવનારા દાયકાઓ સુધી ચાલુ રહેશે.

પીએમ મોદીએ કહ્યું કે તાંઝાનિયાના ઝાંઝીબારમાં આઈઆઈટી મદ્રાસ કેમ્પસ ખોલવાની જાહેરાત અમારા સંબંધોમાં એક સીમાચિહ્નરૂપ છે. અમે સંરક્ષણ ક્ષેત્રે પાંચ વર્ષના રોડમેપ પર સહમત થયા છીએ. આ અંતર્ગત સૈન્ય તાલીમ, દરિયાઈ સહયોગ, ક્ષમતા નિર્માણ અને સંરક્ષણ ઉદ્યોગના ક્ષેત્રોમાં નવા આયામો ખુલશે. મને ખુશી છે કે તાંઝાનિયાએ ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સમાં જોડાવાનું નક્કી કર્યું છે.

તમને જણાવી દઈએ કે તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહ હસન પોતાની ચાર દિવસીય યાત્રા પર રવિવારે ભારત પહોંચ્યા હતા. તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ બન્યા બાદ આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે. ભારત પહોંચતા જ તેમનું એરપોર્ટ પર કેન્દ્રીય રાજ્ય મંત્રી અન્નપૂર્ણા દેવીએ સ્વાગત કર્યું હતું. સોમવારે તે રાષ્ટ્રપતિ ભવન પહોંચી, જ્યાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું સ્વાગત કર્યું. આ પછી, તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિનું ગાર્ડ ઓફ ઓનર આપીને ઔપચારિક રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પહેલા તાંઝાનિયાના રાષ્ટ્રપતિએ રાજઘાટ જઈને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમ મોદી સાથે દ્વિપક્ષીય બેઠક બાદ, તે સોમવારે સાંજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે, અને રાષ્ટ્રપતિ દ્વારા તેમના સન્માનમાં આયોજિત રાત્રિભોજન કાર્યક્રમમાં પણ હાજરી આપશે. મંગળવારે, તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ બિઝનેસ અને ઈન્વેસ્ટમેન્ટ ફોરમમાં હાજરી આપશે. તમને જણાવી દઈએ કે આઠ વર્ષ બાદ તાન્ઝાનિયાના રાજ્યના વડા ભારતની મુલાકાતે છે અને આ મુલાકાતથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત થવાની આશા છે.

# લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલને સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી, સંસદ સભ્યપદ યથાવત રહેશે

નવીદિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટે લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલને મોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે મોહમ્મદ ફૈઝલની સંસદનું સભ્યપદ જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. આ સાથે દોષિત ઠેરવવાના કેરળ હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવવામાં આવી છે અને જવાબ માંગતી નોટિસ જારી કરવામાં આવી છે.આપને જણાવી દઈએ કે લાયક જાહેર કરાયેલા લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલે કેરળ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમમાં પડકાર્યો હતો. કોર્ટ. જેના પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી છે.

એનસીપીના નેતા મોહમ્મદ ફૈઝલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી કેરળ હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને હત્યાના પ્રયાસના કેસમાં તેમની સજાને સ્થગિત કરવાની તેમની અરજીને ફગાવી દીધી હતી. આ દોષિત ઠેરવવાને કારણે તેમને આ વર્ષે બીજી વખત લોકસભાના સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા.૩ ઓક્ટોબરે હાઈકોર્ટના આદેશ બાદ ફૈઝલને બુધવારે લોકસભાના સભ્ય તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. ફૈઝલ સંસદમાં લક્ષદ્વીપનું પ્રતિનિધિત્વ કરતો હતો.

આ પહેલા ૨૨ ઓગસ્ટના રોજ લક્ષદ્વીપના એનસીપીના સાંસદ મોહમ્મદ ફૈઝલને મોટો ઝટકો લાગ્યો હતો.લોકસભામાંથી ગેરલાયક ઠેરવવાની તલવાર ફરી લટકતી રહી હતી.સુપ્રિમ કોર્ટે હત્યાના પ્રયાસના કેસમાં સજાને પુનઃસ્થાપિત કર્યા બાદ કેરળના હાઈકોર્ટમાં હાઈકોર્ટે હાઈકોર્ટના પી.એમ. કોર્ટે તેને દોષિત ઠેરવ્યો.સજા સ્થગિત કરવાનો નિર્ણય રદ થયો.સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેરળ હાઈકોર્ટે કાયદાના તમામ પાસાઓને ધ્યાનમાં લીધા નથી.સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને ૨૦૧૪માં સજા સ્થગિત કરવાના મામલે પુનર્વિચાર કરવા કહ્યું હતું. અઠવાડિયા

સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યાં સુધી હાઈકોર્ટ અપીલ પર નિર્ણય ન લે ત્યાં સુધી તેની સજા હાલ પૂરતો સ્થગિત રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે નથી ઈચ્છતી કે અયોગ્યતાના કારણે મેદાનમાં અચાનક શૂન્યાવકાશ સર્જાય.

## ચાણસ્માના કંબોઈ ગામ નજીક આવેલું ગૌરૈયા વીરનું મંદીર, શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બન્યું.




ભારતીય સંસ્કૃતિ મુજબ હિન્દુ ધર્મમાં દેવી- દેવતાઓનું મહત્વ રહેલું છે. તેમજ વિવિધ મહિનાઓમાં આવતા દેવી-દેવતાઓના તહેવાર સમગ્ર ભારત દેશની અંદર ધામધુમ પૂર્વક ઉજવવામાં આવે છે. ત્યારે વધુ એક એવા મંદીરની વાત કરવામાં આવે તો ચાણાસ્મા તાલુકાના કંબોઈ ગામ નજીક આવેલ ગોરૈયા વિરનું મંદીર આવેલું છે. જયાં દુર દૂરથી શ્રધ્ધાળુઓ દાદાના દર્શન કરવા માટે આવે છે. તેમજ દાદાનો આજે પણ એવો જ ચમત્કાર છે.વધુમાં ઉપસ્થિત ગામલોકોએ જણાવ્યું હતું કે વર્ષો અગાઉ અહીંયાં ગોરૈયા વિરની એક નાની દેરી હતી. ત્યારે ચાણસ્મા ખાતે વસવાટ કરતા એક જૈન સમાજના વ્યક્તિને દાદાએ કંઈક ચમત્કાર બતાવતાં તેઓએ દાદાનું ભવ્ય મંદિર બનાવ્યું હતુ. તેમજ તે વ્યક્તિ આજે પણ દર માસની પુનમ ભરવા આવે છે. અને તદઉપરાંત થોડા વર્ષો પહેલા હારીજ જવા માટે અહીંયાથી રેલ્વે ગાડી નીકળતી હતી ત્યારે કંબોઈ ગામે સ્ટોપેજ હોવાથી રેલ્વેમાં બેઠેલા મુસાફરો અહીંયા અચુક દાદાના દર્શનાર્થે આવતા હતા તેમજ હાલના સમયની અંદર પણ ગોરૈયા વિર દાદાનો એટલો જ ચમત્કાર છે કે અહીંયાથી કોઈ પણ ગાંભણ ઘોડી નિકળે તો જે ઘોડી પોતાના સ્થાનકે પહોંચે તે પહેલા જ ચમત્કાર થઈ જાય છે તેથી તે ઘોડે સવારને અહીં આગળ ગોરૈયા વિરની પ્રસાદ ધરાવવી પડે છે. તેમજ તેમણે વધુમાં જણાવ્યું હતું કે અહીંયાં આગળ પ્રથમ પુત્રના જન્મ સમયે તેમજ લગ્ન કર્યા બાદ પણ ગોરૈયા વિરની પ્રસાદ ધરાવવી પડે છે.

રિપોર્ટર નિખિલ જોષી પાટણ બ્યુરો

## સુરત શહેર માં રખડતાં આ ૭૦,૦૦૦ કૂતરાઓ નું શું કરવું?

સુરતમાં તમે નીકળો તો ગલિગલીએ તમને એક બે નહી ચાર પાંચ સાત કુતરાઓના ટોળાં આમતેમ રખડતા જોવા મળશે તેમાંય આ કુતરાઓ છેલ્લા ૧૨ મહિનાથી હિસક બનીને શહેરીજનો પર હુમલાઓ કરી રહ્યા છે જેથી સુરતની સિવિલ હોસ્પિટલ અને સમીમેર હોસ્પિટલમા કુતરા કરડવાના બનાવોમાં વધારો થયો છે સિવિલ હોસ્પિટલમા તો કુતરા કરડવાના બનાવઓના કેસ માટે અલગ બારી ખોલવી પડી છે.



શહેરના દરેક ઝોનમા બાળકો કુતરાઓના હિસક હુમલાઓનો ભોગ બની રહ્યા છે અને સતત બની રહ્યા છે કેટલાક બાળકોએ તો કુતરાઓના હુમલાઓ અને હડકવાને કારણે જીવ ગુમાવ્યા છે આમ છતાં ગઈ ટર્મના શાસકો કુતરાઓ પકડવાના પાંજરા ખસીકરણ અને રસીકરણની વાતોના વડા સિવાય ખાસ કશું કરી શક્યા નહોતા.

કૂતરા પકડવા અને તેઓના રસીકરણ પાછળ મહાનગર પાલિકાની તિજોરીમાંથી નાણાં જાય છે પરંતુ શહેરમાંથી કુતરાઓની સંખ્યા ઓછી થઈ રહી નથી કે કુતરાઓના હુમલા ઓછા થાય છે એને બદલે કુતરાઓની સંખ્યા ડબલ થઈ ગઈ છે હુમલાઓ વધી ગયા છે ૨૦૧૮ થી ૨૦૧૯ થી ૨૦૨૨ ૨૦૨૩ સુધીમાં ૩/૨૮/૬૦૨૦૪ રૂપિયા ૩૩૭૬૧ જેટલાં કુતરાઓને પકડવા ખર્ચ થઈ ગયા છે જેમાંથી ૩૦/૩૦૦ જેટલાં કુતરાઓનું રસીકરણ અને ખસીકરણ કરવામાં આવ્યું છે આ આંકડાથી જ ખસીકરણ અને રસીકરણ થતી કામગીરી શંકાના ડાયરામાં આવી રહી છે કેમ કે એક અંદાજ મુજબ શહેરમાં ૩૦૦૦૦ હજાર જેટલાં કૂતરોના ખસીકરણ બાદ પણ કુતરાઓની સંખ્યા કુદકે ને ભુસકે વધી રહી છે હાલ સુરત શહેરમાં ૭૦/૦૦૦ હજારથી વધુ કુતરાઓ હોવાનો અંદાજ છે

આટલો બધો ખર્ચ કુતરાઓ પકડવા અને રસીકરણ અને ખસીકરણ પાછળ કર્યા પછી શેરીઓમાં ગલીઓમા કુતરાઓનો આતંક ઓછો થયો નથી.કૂતરાઓ પકડી રસીકરણ અને ખસીકરણ કરવાની જે પદ્ધતિ છે એની સામે જ સવાલો ઉભા થાય છે

નવા ચૂંટાયેલા પદાધિકારીઓ પાસે શહેરીજનો અને ખાસ કરીને માસુમ બાળકોના માતાપિતા ઘણી અપેક્ષા રાખી રહ્યા છે

બાળકો બહાર રમી શકે તેવું વાતાવરણ સ્માર્ટ સીટીના શાસકો અને વહીવટીતંત્ર પુરુ પાડી શકશે?

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત






ભારત વિકાસ પરિષદ ગુજરાત મધ્યપ્રાંત દ્વારા આયોજિત પ્રાંત કક્ષાની રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધા યોજાઈ. જેમાં સમગ્ર પ્રાંતના અલગ અલગ જિલ્લામાંથી કુલ ૩૩ ટીમે ભાગ લીધો હતો.જેમાં ગાંધીનગર શાખાની બે સ્કૂલો અલગ અલગ વિભાગમાં વિજેતા બનેલ છે જે આપણા માટે ખૂબ જ ગૌરવ ની વાત છે.- હિન્દી વિભાગમાં પ્રથમ સ્થાને દિલ્હી પબ્લિક સ્કૂલ - ગાંધીનગર તથાસંસ્કૃત વિભાગમાં દ્વિતીય સ્થાને બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કૂલ - વલાદ વિજેતા બનેલ છે. પ્રાંત કક્ષા ની આ સ્પર્ધામાં વિજેતા થવા બદલ ગાંધીનગરની આ સ્કૂલોને શાખા તથા સમગ્ર ગાંધીનગર બિરદાવે છે.

તંત્રી લેખ......

## ફરિયાદો કરવાની તૈયારી અને વર્ચ્યુઅલ સુનાવણી

સુપ્રીમ કોર્ટે સોમવારે તમામ રાજ્યોના માહિતી આયોગ પાસેથી અરજદારોને સુનાવણી માટે હાઈબ્રિડ વિકલ્પ આપવા અંગે જવાબો માંગ્યા છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે દેશના તમામ રાજ્યોના માહિતી આયોગને નિર્દેશ આપ્યો છે કે તેઓ ઇ-ફાઇલિંગ અને ફરિયાદીઓની ફરિયાદોની સુનાવણીની સુવિધા આપે. મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી અને ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે તમામ રાજ્યોના માહિતી પંચે સુનાવણીના હાઈબ્રિડ વિકલ્પ વિશે માહિતી આપવી જોઈએ.

મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી અને ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેન્ચે કહ્યું કે તમામ રાજ્યોના માહિતી આયોગને હાઈબ્રિડ સુનાવણીનો વિકલ્પ આપવો જોઈએ. કોર્ટે સ્વીકાર્યું કે ટેક્નોલોજીની મદદથી ન્યાય મેળવવાની પ્રક્રિયા ઝડપી કરવામાં આવશે. કોર્ટે કહ્યું કે માહિતી આયોગને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તે સુનિશ્ચિત કરે કે તમામ અરજદારોને તબક્કાવાર રીતે ઈ-ફાઈલિંગની સુવિધા પૂરી પાડવામાં આવે. સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી એક અરજીની સુનાવણી દરમિયાન કરી હતી. આ અરજીમાં રાજ્ય માહિતી આયોગની વધુ સારી કામગીરી માટે સૂચનાઓ આપવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં એવી માગણી કરવામાં આવી હતી કે વાદીઓને ભૌતિક તેમજ વર્ચ્યુઅલ રીતે સુનાવણીનો વિકલ્પ આપવામાં આવે.

## ગાયના ઘીના ઉપયોગથી માઈગ્રેન અને સોરાઈસીસ જેવી બીમારીને નિયંત્રિત કરી શકાય છે.

દેશી ગાયના ઘીના વિવિધ ઉપયોગ પ્રાચીન સમયથી દર્શાવવામાં આવ્યા છે. જ્યાં કદાચ એલોપેથી દવાનો ઉપયોગ પણ નિષ્ફળ નીવડે ત્યાં દેશી ગાયનું ઘી અવશ્ય કામ કરે છે અને રોગનું ચોક્કસ નિદાન કરે છે. ગાયનું ઘી નાકમાં નાખવાથી કોઈપણ પ્રકારની એલર્જી પણ દૂર કરી શકે છે.ગાયના ઘીને નાકમાં નાખવાથી લકવા રોગનું નિદાન થાય છે. ૨૦થી ૨૫ ગ્રામ ગાયના ઘી સાથે સાકર મિશ્ર કરીને લેવાથી દારૂ, ભાંગ કે અન્ય કોઈપણ નશા છોડાવી શકાય છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી કાનના પડદા ઓપરેશન વગર ઠીક કરી શકે છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી દિમાગ તરોતાજા રહે છે. કોમામાં રહેલી વ્યક્તિના નાકમાં ઘી નાખવાથી તેની ચેતના પાછી આવે છે. હાથ અને પગમાં જો બળતરા થતી હોય તો ગાયનું ઘી પગના તળિયા પર ઘસવું અસરકારક બને છે. જો એડકી સતત આવતી હોય તો અડધી ચમચી ગાયનું ઘી લેવાથી એડકી બંધ થઈ જશે.ગાયનું ઘી દરરોજ લેવાથી કબજિયાત અને



એસિડિટીની સમસ્યા નિવારી શકે છે. ગાયનું ઘી શક્તિ અને વીર્ય વધારે છે તેમજ શારીરિક અને માનસિક શક્તિમાં પણ વધારો કરે છે. ગાયના ઘીને બાળકોની છાતી અને પીઠ પર માલિશ કરવાથી કફની સમસ્યા દૂર થાય છે. જો વધારે અશક્તિ લગતી હોય તો એક ગ્લાસ દૂધમાં એક ચમચી ગાયનું ઘી અને સાકર નાખીને પીવાથી રાહત મળે છે. ગાયના ઘી દ્વારા શરીરમાં કેન્સરના કોષ જન્મતા અટકે છે આ ઉપરાંત શરીરમાં કેન્સરને ફેલાતું અટકાવે છે. જે વ્યક્તિને હૃદય રોગની તકલીફ હોય અને તેલવાળું ખાવાની મનાઈ હોય એ વ્યક્તિ દ્વારા ગાયના ઘીના સેવનથી હૃદય મજબૂત થાય છે. દેશી ગાયના સેવનથી આંતરડા અને સ્તનના કેન્સરથી બચી શકાય છે. ગાયનું ઘી,છાલ સાથે પીસેલ કાળા ચણા તેમજ દળેલી ખાંડને મિશ્ર કરીને લાડુ બનાવી,દરરોજ સવારે એકદમ ચાવીને તેમજ હુંફાળું ગરમ દૂધ લેવાથી સ્ત્રી રોગમાં રાહત મળે છે તેમજ પરુષોનું શરીર બળવાન બને છે. સર્પદંશ થતાં ગાયનું ઘી ૧૦૦ થી ૧૫૦ ગ્રામ પિવડાવવું અને ત્યારબાદ હુંફાળું ગરમ પાણી બની શકે તેટલું પિવડાવવું જેનાથી ઊલટીની સાથે સર્પનું જેર બહાર આવશે. ગાયનું ઘી વજન સંતુલિત રાખવામાં મદદરૂપ થાય છે,ઉપરાંત કોલેસ્ટ્રોલ પણ નિયંત્રણમાં રહે છે. સવારના સમયમાં ગાયનું ઘી નાકમાં નાખવાથી માઈગ્રેનની સમસ્યા દૂર કરી શકાય છે. માથું દુખવાને કારણે શરીરમાં ગરમી થતી હોય છે,ગાય ના ઘીને પગના તળિયે ઘસવાથી માથાના દુખાવામાં રાહત થાય છે. ઠંડા પાણીમાં ગાયનું ઘી નાંખીને ઘીને પાણીથી અલગ કરવું, આ પ્રક્રિયા લગભગ ૧૦૦ વાર કરવી. ત્યારબાદ તેમાં થોડું કપૂર નાખવું. આ પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતું ઘી એક ઔષધિ બનશે જે ચામડીના રોગ માટે અતિ અસરકારક છે. આ મિશ્રણ સોરાઈસીસ માટે પણ અસરકારક છે. જો ગાયના ઘીની થોડીક બૂંદ દિવસ દરમ્યાન નાકમાં નાખવામાં આવે તો શરીરના ત્રિદોષ એટલે કે વાત્ત,પિત્ત અને કફને નિયંત્રણમાં લાવી શકાય છે.

મિતલ ખેતાણી

## ૧૦ ઓક્ટોબર, "વિશ્વ માનસિક આરોગ્ય દિવસ"

"વિશ્વ આરોગ્ય સંસ્થા" તેમજ "વિશ્વ માનસિક સ્વાસ્થ્ય સંઘ"નાં સંયુક્ત ઉપક્રમે ૧૯૯૨ થી દર વર્ષે ૧૦-ઓક્ટોબરનાં દિવસને "વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે વિવિધ જનજાગૃતીનાં કાર્યક્રમો દ્વારા મગજ અને માનસિક રોગોને લગતી બાબતો અંગેનાં કાર્યક્રમો યોજવામાં આવે છે. આજે જયારે આપણે કોરોના જેવી મહામારીનો ભોગ બની રહ્યા છીએ ત્યારે સ્વાસ્થ્ય જાળવવું એ અતિ મહત્વનું કાર્ય થઈ ગયું છે. દેશમાં પહેલો કોવીડ કેસ આવ્યો એને ત્રણ વર્ષ જેવો સમય થઈ ગયો છે ત્યારે જો પ્રથમ લોકડાઉનની જાહેરાતને યાદ કરીએ તો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ પહેલી જ વાર લોકડાઉનની જાહેરાત કરતી વખતે કહ્યું હતું કે "જાન હૈ તો જહાન હૈ" ત્યારથી લઈને આજ સુધી અને હજુ ભવિષ્યમાં પણ સૌ કોઈએ પોતાના જીવનનું મહત્વ સમજી લીધુ છે. કોરોના મહામારીની ઘણી ગંભીર અસરો થઈ છે પરંતુ કેટલાક સારા પરિણામો જેવા કે પર્યાવરણની જાળવણી, લોકડાઉનમાં સૌ કોઈને પરિવાર સાથે માણવા મળેલો સમય તેમજ આપણો દેશ સ્વાસ્થ્ય ક્ષેત્રે જેટલી ઝડપથી આધુનિકતા તરફ વધ્યો હતો તેનાથી બમણી ઝડપે શરીરનું સંપૂર્ણ સ્વાસ્થ્ય જાળવવા માટે આપણે પ્રાચીન ભારતમાં સ્વાસ્થ્ય જાળવણી માટે વપરાતાં વિવિધ આયુર્વેદિક નુસખાઓ અપનાવવા માંડ્યા છીએ. શરીર અને મન એકબીજા સાથે સંકળાયેલા છે. જો શરીર સ્વસ્થ હશે તો



મન સ્વસ્થ રહેશે. માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે પ્રાકૃતિક જીવન શૈલીનો ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે પ્રાચીન કાળથી ચાલી આવતી યોગ,પ્રાણાયામ કરવાની આપણી સંસ્કૃતિને જાળવતા રહીને આજે સમગ્ર દેશ કઈ રીતે સ્વસ્થ રહેવા માટે નવા નવા ઉપાયો પાછળ દોરાય રહ્યો છે ત્યારે એક વાત નોંધવા જેવી છે કે લોકો પાસે આ દિશામાં યોગ્ય માર્ગદર્શન કરી શકે એવા કોઈ શ્રેષ્ઠ માર્ગદર્શક ઉપલબ્ધ નથી અથવા ઉપલબ્ધ થાય છે તો લોકો તેમની પાસે જતા નથી. મિત્રો, આડોશ-પાડોશ કે સગા સંબંધીઓ પાસેથી જે સલાહો મળે તે સમજ્યા વગર બેફામ ફોલો કરવામાં આવે છે જેનાથી એક યા બીજી તકલીફો સર્જાય છે માટે સ્વાસ્થ્યની બાબતમાં કોઈ પણ નિર્ણય પર વિશેષ માર્ગદશન મેળવ્યા બાદ જ આગળ વધવું જોઈએ. માનસિક શાંતિ વ્યક્તિ કેવા પ્રકારનો ખોરાક લે છે તેના પર પણ આધારિત હોય છે. વ્યક્તિ જ્યારે માંસાહાર કરે છે ત્યારે તેનાં શરીરમાં એસીડ વધારે ઉત્પન્ન થાય છે જેના કારણે શરીરમાં રોગ ઉત્પન્ન થતા હોય છે અને તેનાથી માનસિક શાંતિ હણાય છે. 'જેવું અન્ન એવું મન' એ બાબતને ધ્યાનમાં રાખીને હંમેશા શાકાહાર, શુદ્ધ આહાર અપનાવવું જોઈએ. આયુર્વેદ,યોગ,નેચરોપેથી,યુનાની,સિદ્ધા,હોમિયોપેથી, પંચગવ્ય ચિકિત્સા જેવી વિવિધ ચિકિત્સા પદ્ધતિઓને જાળવવા તેમજ એ દ્વારા સ્વાસ્થ્ય પ્રત્યે લોક જાગૃતિ લાવવાનાં હેતુથી સરકાર પણ આયુષ મંત્રાલય દ્વારા સ્વાસ્થ્ય જાળવણીની જુદી જુદી પદ્ધતિઓને લોકો સુધી પહોચાડવા અગ્રેસર છે. વર્તમાન સમયમાં મોબાઈલ, ઈન્ટરનેટનાં વધુ પડતા ઉપયોગથી પણ લોકોનું માનસિક સ્વાસ્થ્ય જોખમમાં આવ્યું છે. ખાસ કરીને નાના બાળકો મોબાઈલ અને સોશિયલ મીડિયામાં અટવાતા જાય છે અને રીયલ લાઈફ કરતા રીલ લાઈફમાં વધુ સંડોવાય ગયા છે ત્યારે તેમને પણ ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ, યોગ્ય દિશામાં કેવી રીતે કરવો તેની સમજ આપવી અત્યંત જરૂરી બની જાય છે. વ્યક્તિ જો માનસિક રીતે સ્વસ્થ હશે તો તેના શરીરમાં પણ કોઈ રોગ પ્રવેશી નહિ શકે. હેલ્થ ઈઝ વેલ્થ.

મિત્તલ ખેતાણી

## ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.) દ્વારા "ગોકુલમ્ – ગૌ આધારિત અર્થવ્યવસ્થા લાઈવ વેબિનાર સિરીઝ"માં ૧૫ માં વેબીનારનું ૧૪ ઓક્ટોબરે શનિવારે આયોજન

GCCI INTEGRATING COWISM GLOBAL CONFEDERATION OF COW BASED INDUSTRIES

વિશ્વમાં પ્રથમ વખત ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઈ.) ગૌ સંવર્ધન પર આધારિત એક કાર્યક્રમ અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થાને સમર્પિત વ્યક્તિત્વ સાથેના સંવાદોની શ્રેણી તરીકે લાઈવ વેબિનાર 'ગોકુલમ - ગૌ આધારિત અર્થવ્યવસ્થા સિરીઝ'નું આયોજન થયું છે. આ વેબિનાર સિરીઝ ગૌ સંવર્ધન, ગૌ રક્ષણ, ગૌ આધારિત અર્થ વ્યવસ્થાના પુનઃનિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ મહત્ત્વપૂર્ણ વેબિનાર હેઠળ, ગૌ સંવર્ધન અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થા પર નિષ્ણાંત, રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય વક્તાઓ માર્ગદર્શન આપે છે.

ગોકુલમ – ૧૫ માં આયુર્વેદાચાર્ય ડૉ. હિતેશ જાની માર્ગદર્શન આપશે. આયુર્વેદાચાર્ય ડૉ. હિતેશ જાની ગર્ભોપનિષદ ફાઉન્ડેશન જામનગર (ગુજરાત)નાં સ્થાપક, આયુર્વેદ ચિકિત્સક, પંચકર્મ ફેકલ્ટી, તાલીમ નિષ્ણાંત, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઈજીજી)નાં પ્રશિક્ષિત સ્વયંસેવક, બી.જે.પી ગુજરાતનાં ભૂતપૂર્વ રાજ્ય સચિવ, જામનગર જિલ્લાનાં રોટરી ક્લબનાં ભૂતપૂર્વ પ્રમુખ છે. તેમને ૪ દાયકાથી વધુનો ક્લિનિકલ અનુભવ છે. તેઓ પરંપરાગત આયુર્વેદ નાડી પરિક્ષણનાં નિષ્ણાંત છે. તેમણે આયુર્વેદ પંચગવ્ય અને ગર્ભવિજ્ઞાન પર વિસ્તૃત સંશોધન કર્યું છે. ડૉ. હિતેશ જાનીએ તેમની કારકિર્દી દરમિયાન આજ સુધી ૪૦,૦૦૦ થી વધુ દર્દીઓની સારવાર કરી છે. તેમણે પોતાના જીવનમાં ગૌ વિજ્ઞાન, ગર્ભ વિજ્ઞાન, લોકાર્યુવેદ જેવા વિષયોનું જ્ઞાન લોકોને આપ્યું. તેમણે આયુર્વેદ સંબંધિત ઘણા પુસ્તકો લખ્યા છે તેમજ ઘણા પબ્લીકેશનસ તેમના આર્ટીકલ નિયમિતપણે છાપે છે. તેમને આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠતા પુરસ્કાર, સ્વર્ગીય મોરોપંત પિંગળે ગૌસેવા પુરસ્કાર, શંકરાચાર્યજી દ્વારા ગૌચતુર્માસ પુરસ્કાર, આયુર્વેદ પ્રત્યે જાગૃતિ માટે લાયન્સ ક્લબ દ્વારા આયુર વિકાસ એવોર્ડ સહિતનાં સન્માનો પ્રાપ્ત થયા છે.

આ વેબિનાર ૧૪ ઓકટોબરે શનિવારનાં રોજ સવારે ૧૧ કલાકે ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઈ.)નાં ફેસબુક પેઈજ 'ઓફીશીયલ જી.સી.સી.આઈ' તેમજ યુ ટ્યુબ ચેનલ 'ગ્લોબલ કાઉ ફેડરેશન' પર લાઈવ કરવામાં આવશે. વેબિનારનું સંચાલન શ્રીમતી શતાબ્દી પાંડે કરશે.

વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯), પુરીશ કુમાર (મો.૮૮૫૩૫૮૪૭૧૫), અમિતાભ ભટનાગર (મો.૮૦૭૪૨૩૮૦૧૭) નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# મહાત્મા બનામ સાહેબની ડીગ્રીનો વિવાદ : ડીગ્રી ડીગ્રી કર જગ મુઆ ગ્રેજયુએટ હુઆ ન કોઇ!!

ગાંધીજી ચુંબક સમાન છે. ગાંધીજીની ચુંબકીય બળથી પ્રસંશકો, વિરોધીઓ, તટસ્થ વગેરે અદમ્ય આકર્ષણથી તેમના તરફ ખેંચાઇ આવે છે. જેમ ખીલી, બ્લેડ લોહચુંબકને ચોંટી જાય છે. તમને તમારા પરદાદા કે પરદાદાના દાદાનું નામ યાદ નહીં હોય! આ વાત હું દાવા( લેખકના દાવા ફાઉન્ટેન પેનથી લખાયેલ શબ્દો જેવા સાશ્વત હોય છે. જેના પર પાણીનું ટપકું પડે અને શબ્દો અસ્તિત્વ લોપ કરીને કાગળ પર ફેલાઇ જાય છે!!) સાથે કહેવા તૈયાર છું અલબત, ચુંબક પિતળ કે પ્લાસ્ટિકને આકર્ષી શકતું નથી એ વાત અલગ છે.

કેટલાક સ્વઘોષિત મહાત્માઓને ગાંધીજી આંખમાં પડેલા કણાની જેમ ખુંચે છે. ખુદ શેકેલો કે શેક્યા વગરનો પાપડ ભાંગવા માટે સમર્થ નથી અને ગાંધીજીએ શસ્ત્રો વિના કેવળ સત્ય અને અહિંસાના અમોઘ શસ્ત્રોથી અંગ્રેજો પાસેથી આઝાદી કેવી રીતે મેળવી એ હજુ પણ શીરાના કોળિયાની જેમ ગળે ઊતરતું નથી. બલ્કે,માછલીના કાંટાની જેમ ગળામાં ફસાયું છે. સાપે છંછૂદર ગળ્યા જેવું સેમ ટુ સેમ છે. છંછૂદર ગળે ઉતારે તો સાપ મરી જાય અને છંછૂદર બહાર કાઢે તો સાપ આંધળો થઇ જાય. ગાંધીજી જેવો ચમત્કાર હજારો વરસો પછી પણ કોઇ કરી શકે તેવી ક્ષિતિજે સંભાવના દ્રષ્ટિગોચર થતી નથી.ગાંધીજીની ઈર્ષા કરનાર પાસે પ્રજાને સંમોહિત કરી શકે તેવું કરિશ્મેટિક નામ નથી. જે નામને સહારે તરવા માંગે છે એ બેશક બુલબુલની પાંખ પર સવાર થઈ વિશ્વ ભ્રમણ કરી શકે છે.એનાથી સવિશેષ કોઇ ઉપલબ્ધિ કે સિધ્ધિ નથી!! ઓમ ધબાય નમઃ!!

ગાંધીજી ખેલદિલીથી ભરપૂર હતા. જે અંગ્રેજ સામ્રાજ્ય સામે લડતા હતા તે અંગ્રેજોની ક્રિકેટ ટીમના સતરમા ખેલાડી તરીકે ખુદનું નામ લખી સહી કરી હતી. નાનપણમાં બીડી પીવા, માંસ ખાવા, ચોરી જેવા સ્ખલનો એક પણ શબ્દની બાદબાકી કર્યા સિવાય લખ્યા હતા. જ્યારે આપણે ??? વાત કરવા જેવી નથી!

અમેરિકન બાપ્ટિસ્ટ પ્રધાન અને કાર્યકર્તા માર્ટિન લુથર કિંગ જુનિયર, ખ્રિસ્તી સિદ્ધાંતો અને ગાંધીવાદી ફિલસૂફીમાં દ્રઢ વિશ્વાસ ધરાવતા હતા. તેઓએ દાયકાઓ સુધી ચાલેલા લાંબા આંદોલનનું નેતૃત્વ કર્યું હતું.પ્રેમથી 'ફ્રન્ટિયર ગાંધી' તરીકે ખ્યાતિ ધરાવનાર અબ્દુલ ગફાર ખાન માત્ર ગાંધીથી ખૂબ જ પ્રભાવિત ન હતા પરંતુ સ્વતંત્રતા આંદોલન સમયે તેમના નજીકના સહયોગીઓમાંના એક હતા. દલાઈ લામાએ વર્ષ ૧૯૫૬માં નવી દિલ્હીની પ્રથમવાર મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેઓ સૌપ્રથમ મહાત્મા ગાંધીજીના સ્મશાનઘાટ એટલે કે રાજઘાટની મુલાકાત લીધી હતી. આ પ્રકરણ અંગે દલાઇ લામાએ પોતાના એક લેખમાં લખ્યું છે કે,''જ્યારે હું ત્યાં ઊભો હતો ત્યારે મને આશ્ચર્ય થયું કે જો મહાત્મા જીવતા હોત તો મને શું સમજદાર સલાહ આપત?

આપણે ત્યાં ઘર કી મુર્ગી દાલ બરાબર એમ કહેવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણનાં સમકાલીન એવા શિશુપાલ, દુર્યોધન ,જરાસંઘ,કંસ વગેરે કૃષ્ણને વિષ્ણુના અવતાર માનવા તૈયાર ન હતા. આ બધા લોકો કૃષ્ણને ગમાર, ગામડિયો , ગોવાળિયો માનતા હતા. કેમ કે, તે બધા અલ્પબુદ્ધિ અને ગમાર હતા!! વિરાટ તેજને આત્મસાત કરવાની તેમનામાં ક્ષમતા ન હતી. આવું જ ગાંધીજી સાથે ઘટે છે. કેટલાકને ગાંધીજીના નામ સાથે જ વાંધો હતો. ગાંધીજી સાથે કયા ભવની દુશ્મની હતી એ શૈતાન જાણે!!

ગાંધીજીને ભાંડનારા આ દુનિયામાં ઓછા નથી. એક ઢુંઢો હજાર મિલતે હૈ. કયું કિ હર શાખ પે ઉલ્લુ બેઠે હૈ!! બધા કાલિદાસ કવિ જેવા છે. પોતે જે ડાળ પર બેઠા હોય તેના પર કુહાડી મારતા હોય છે!!

''શરણાઈના સૂરો કોઇ માનુનીની સાડીના પાલવની જેમ રેલાઈ રહ્યા છે. મિલિટરી ઓફિસરની ચહલપહલ તેજ થઇ રહી છે. લોર્ડ માઇન્ટબેટન બગીમાં સવાર થઈને સમારોહમાં તશરીફ લાવી રહ્યા છે. એકવીસ તોપની સલામી, તાળીઓના ગડગડાટ વચ્ચે સુભાષચંદ્ર બોઝ તેજસ્વી મુખમુદ્રા અને પ્રભાવશાળી ચાલે મંચ પર આવી રહ્યા છે. આઝાદ ભારતની ગૌરવાન્વિત અને ઐતિહાસિક ક્ષણોને દેશી-વિદેશી કેમેરામેન કેમેરામાં ઝીલી રહ્યા છે. લોર્ડ માઉન્ટબેટન સુભાષબાબુને દેશના પ્રથમ પ્રધાનમંત્રીના શપથ લેવડાવી રહ્યા છે. ત્યાં એક વૃધ્ધ લાકડી લઈને આવે છે અને શપથ અટકાવે છે! કબાબમાં હડી.''

આ અમારી કલ્પના નથી. રાજસ્થાનના બકવાસભૂષણ, થનગનાટભૂષણ અને બુધ્ધિના બળદ એવા નરેન્દ્રકુમારની ઘટિયા કલ્પના છે.

રાષ્ટ્રના પર્તિનિધિને વરણાગી વસ્ત્રોનો વિલાસ પોષાય નહીં એ સત્ય મહાત્માને સમજાયેલું . જે સત્ય કેટલાક ગીધ અને ઘુવડને આજે પણ સમજાતું નથી કે ડાયજેસ્ટ થતું ન હોય તેમ એક નૂર ટાપટીપ લાખ નૂર કપડાંને આત્મસાત કરી તરેહ તરેહના વસ્ત્રો ધારણ કરી મુઠી વેંત ઉંચા હોવાની વંચનામાં રાચે છે!! એમની મુલાકાત સમયે ગરીબોની વસ્તી પર કપડાંના આવરણો લગાવવામાં આવે છે. ગરીબ કલ્યાણની વાતોના વડા અને ગરીબોનો હાડેહાડ તિરસ્કાર એ આજના રાજકારણની તાસીર અને તસ્વીર છે!!નવા લોકો સવાયા અંગ્રેજો પુરવાર થયા છે!!

ગાંધીજીના નામે રસ્તા, મહોલ્લા,નગર,એરપોર્ટ, સંસ્થાનો સહન થતા નથી. ગાંધીજી હાડમાંસ ચામના માણસ હતા . એમણે ભૂલે કરી હશે. એ ભૂલો બદઈરાદાથી કયાં કરી છે!! વિચારધારાનો વિરોધ વિચાર થકી હોય!!પરંતુ, મુખ મેં રામ ઔર બંગલ મેં છૂરી મુજબ ચરણ સ્પર્શ કરવાનો અભિનય કરી ગાંધીજીની સ્થૂળદેહે હાજરી મિટાવી શકાય પણ સૂક્ષ્મ હાજરી મિટાને સે ભી મિટ શકતી નહીં. ડોન ફિલ્મના અમર ડાયલોગ જેવું મુમકીન નહીં નામુમકીન હૈ. ગાંધીજી અજાતશત્રુ હતા. એમને સતાલાલસા સ્પર્શેલી નહી. ગંગા જેવા પવિત્ર આદમીની હત્યાને ગાધીવધમાં ખપાવવાનું ખેપાનીઓએ બીડું ઝડપ્યું છે અને તેમાં સફળ પણ થયા છે!!

કેટલાક લોકોને સત્ય અને અહિંસાના અમોઘ હથિયારથી આઝાદી મળી શકે તે યુનિવર્સલ ટુથ હજમ થતું નથી. ગાંધીજી પ્રભાવહીન હતા તેમ બબુચકો માને છે. કેમ કે,બાપુ બુલબુલની પાંખ પર બેસીને ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયા ન હતા!! કેટલાક લલ્લુઓ કોઈની કદમબોસી કરીને કે તલવા ચાટીને ગવર્નર કે લેફટનન્ટ ગવર્નર બંને છે. પરંતુ, હોદાની ગરિમા જાળવી શકતા નથી. ગાંધીદ્વેશીઓ માયોપિયાથી પીડાય છે!!આવા લલ્લુઓ ગાંધીજીને જાણ્યા વિના અનાપશનાપ બોલે છે!! કેમ કે, ફેંકને મેં કયાં હર્જ હે??

આવા જ એક બકવાસ ભૂષણે ગાંધીજીની કાયદાની ડીગ્રી વિશે તાજેતરમાં બખાળો કર્યો. ગુરુવારે આઈટીએમ ગ્વાલિયર ખાતે ડૉ. રામ મનોહર લોહિયાની સ્મૃતિમાં આયોજિત લેક્ચરમાં સંબોધન કરતી વખતે મનોજ સિંહાએ ગાંધીજીની શૈક્ષણિક પાત્રતા અંગે ટિપ્પણી કરી હતી. સિંહાએ જણાવ્યું હતું કે 'શું તમે જાણો છો કે તેમની (ગાંધીજી) પાસે એક પણ યુનિવર્સિટી ડિગ્રી નહોતી? આપણામાંના અનેક લોકો માને છે કે મહાત્મા ગાંધી પાસે લોની ડિગ્રી હતી. ના, એમની પાસે નહોતી. એમની એકમાત્ર શૈક્ષણિક પાત્રતા એ હતી કે તેમની પાસે હાઈસ્કૂલ ડિપ્લોમા હતો. વકીલાત કરવા માટે તેમણે પાત્રતા મેળવી હતી. તેમની પાસે લોની કોઈ ડિગ્રી નહોતી.લો કર લે બાત .સહ બાત હજમ નહીં હુઇ ગવન્ડર સાબ!!

મહાત્મા ગાંધીજીએ બે મેટ્રિક પરીક્ષા પાસ કરી હતી. એક હતી રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી અને બીજી હતી એને સમકક્ષ લંડનની બ્રિટિશ મેટ્રિક્યુલેશન. ત્યાર બાદ લંડન યુનિવર્સિટી સાથે સંલગ્ન ઈનર ટેમ્પલ નામની લો કૉલેજમાંથી કાયદા અભ્યાસની પદવી – લો ડિગ્રીનો અભ્યાસ કરી પરીક્ષા પાસ કરી હતી. સાથે સાથે લેટિન અને ફ્રેંચમાં બે ડિપ્લોમાં પણ મેળવ્યા હતા.!!તેવું ઈતિહાસ કહે છે!!અમને આ વાતમાં દમ લાગતો નથી. અમને બાપુ બાળમંદિરની પગથિયા ચડ્યા હતા કે કેમ શંકા છે!!! કેમ કે, બાપુએ કદી ટવિન્કલ લિટલ સ્ટાર કે રેઈન રેઈન ગો અવે જેવું ગાયું હોવાનું સત્યના પ્રયોગ કે ગાંધીજીના અક્ષર દેહમાં ઉલ્લેખ નથી. પોરબંદરના બાલમંદિરોના એડમિશન રજિસ્ટરમાં પ્રવેશ મેળવ્યાની નોંધ નથી. બાપુ શાળાના પગથિયા ચડ્યા હતા કે તે નિશે પણ વાજબી શંકા છે!!

મહાત્મા પહેલા એમએ થયા હશે અને પછી બીએ થયા હશે તેવું અનુમાન છે!! મોટા સાહેબની ડીગ્રી વિવાદની એરણે ચડી છે. કેમ કે, મોટી અદાલતે સાહેબી ડિગ્રીની નકલની માહિતી ન આપનાર યુનિવર્સિટીને દંડ કરવાને બદલે ચોક કોટવાળને દંડે તેમ અરજદારની ઝાટકણી કાઢીને પચીસ હજારનો દંડ કરી નાંખ્યો પખાલીને વાંકે મશકને દંડ થયો છે. કીડીને કોશનો ડામ આપી દીધો!!

મહાત્મા ગાંધીજીની તથાકથિત લો ડીગ્રીની માહિતી આરટીઆઇ કરીને માંગી લો. આ માહિતી મળી જશે જ,કેમ કે,આ માહિતી માંગનારને દંડ થશે નહીં!! કેમ કે, એ મહાત્માની માહિતી છે. મોટા સાહેબની ગુપ્તતમ માહિતી માંગવાની ઝુરરત કરવી નહીં. આ દેશમાં સાહેબના ગુણગાન કે મહિમા મંડન કરતી માહિતી મેળવવી જોઇએ!!! કોઇ પણ જાતની ફી વગર થોકબંધ મળશે!!!ડીગ્રીમાં ગરબડ હોવા છતાં સાહેબે રાષ્ટ્રનું નિર્માણ કર્યું કે નહીં?? અનિલ અંબાણી પાસે ડિગ્રીઓની ભરમાર છે. અનિલ અંબાણીએ શું ઉકાળ્યું? કંકોડા ? લાખના બસો કર્યા!!સાહેબની ડીગ્રી તો ગંગા જમુના તહેઝીબ જેવી પવિત્ર છે,આંબે ઝમઝમ છે!!સાબેબની ડીગ્રી તો ચોવીસ કેરેટના હોલમાર્ક સોના સમાન છે!! બાકી વિદેશના નેતા દારૂએ ધોયેલા નથી!!( હિન્દુસ્તાનમાં દૂધે ધોવાનો રિવાજ છે, વિદેશોમાં દારૂએ ધોવાનો રિવાજ હશે!! જેવા દેશ એવા રિવાજ!!) અમેરિકાના પ્રથમ પ્રમુખ સાહેબની જેમ અલ્પશિક્ષિત હતા. પોતાના કારનામાથી દુનિયાને થરથર ધ્રુજવનારા હિટલર અને સ્ટાલિન કોલેજનુ પગથિયું સુધ્ધાં ચડેલા નહીં.પેરુંના પૂર્વ પ્રમુખ પેદ્રો પાબ્લોની ઈકોનોમિકસ અને પોલીટીકલની ડીગ્રી જાલી હોવાની કાનાફૂસી છે. શ્રીલંકન પૂર્વ પ્રમુખ રાજપક્ષાની લો ડીગ્રી અંગે વિવાદ હતો.ફ્રાંસના પૂર્વ પ્રમુખ અને પરસ્ત્રીગમનના શોખીન એવા બર્લુસ્કોનીની લો ડીગ્રી ફરેડી હતી. આ યાદીમાં ઈટાલીના પૂર્વ પ્રમુખ ગિસિપ કોન્ટે,યુરોપિયન કમિશનના પૂર્વ પ્રમુખ જોસ મેન્યુઅલ બેરોસા,ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન જોસેફ લિયોન્સ વગેરેની ડીગ્રી વિવાદાસ્પદ છે. કેટલાય પ્રમુખ-વડાપ્રધાનો અધવચ્ચે કોલેજ છોડી ગયેલા.એન્ડ્રુઝ જહોન્સન અમેરિકાની પ્રમુખ કોલેજના પગથિયા ચડ્યા ન હતી! આ યાદી મોટી છે!!! એટલે ડીગ્રીનો વિવાદ વસુધૈવ કુટુંબકમ છે. ડીગ્રી ડીગ્રી કર જગમુઆ ગ્રેજયુએટ હુઆ ન કોઇ!!

ભરત વૈષ્ણવ...૬.૪.૨૦૨૩.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




NOG.SS.No.0098
વિષય;- સનાતન ધર્મ અને ધર્માંતરણ
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- સનાતન ધર્મ કી જય
નામ :- લીના શર્મા ..

ભારતમાં હજારો વર્ષોથી વેદ પુરાણો ગ્રંથો માં હિન્દુ સનાતન ધર્મનો ઉલ્લેખ છે .આપણા પૂર્વજોના કારણે સનાતન હિંદુ ધર્મની સંસ્કૃતિનું વર્ષોથી
પાલન થઈ રહ્યું છે અને જે સનાતની છે તે પોતપોતાના દેવી-દેવતાઓને શ્રદ્ધા ભાવથી ભજન કીર્તન, પૂજા આરાધના
કરે છે. મંદિરોમાં જઈને ભક્તિ કરે છે.
સનાતન ધર્મ નો પાલન કરી રહ્યા છે. તેણે કોઈપણ પ્રકારનો ભય પ્રલોભન કે મજબૂરી ધર્મ પરિવર્તનમાં બાધ્ય કરી શકતી નથી.

સનાતન હિંદુ ધર્મ સિવાય વિશ્વમાં બીજા પણ મહાન ધર્મ છે. ખ્રિસ્તી મિશનરી ગરીબો ની સેવા ના નામે અને મુસ્લિમો તલવાર ની ધાર થી,
લવજેહાદ ના જાળમાં ફસાવીને અને અમુક ધર્મ ગુરુઓ, માથે મોટો ચાંદલો કરી, પોતાની સામે બહેનોની પડછાયા પણ ના પડવા દે એવા મહાપુરુષો,કથા વાચકો ધર્મ નાં પ્રચાર પ્રસાર કરી ધર્મ ની આડમાં લોકો ને પ્રલોભન, પ્રતાડિત, ફોસલાવી , મજબૂરીનો ફાયદો ઉઠાવીને લોકોથી ધર્માંતરણ કરાવી રહ્યા છે.

મિત્રો લવજેહાદ મામલામાં કેટલીક બહેનો ફસાઈ જાય છે અને ફસાઈ રહી છે એમાંથી એક બેન રાંચીની છે. રાંચી ની રાષ્ટ્રીય શૂટર તારા સહદેવ ની લગ્ન હિન્દુ રીતિ રિવાજ થઈ થઈ હતી પણ લગ્નના બીજા જ દિવસે ઈસ્લામ ધર્મ મુતાબિક નિકાહ કરવા અને ધર્મ પરિવર્તન માટે દબાણ આપવાના આરોપમાં ૬ઓક્ટોબર ૨૩ રાંચી સી.બી.આઈ. કોર્ટમાં લવજેહાદ, પ્રતાડના અને ધર્મ પરિવર્તનના મામલામાં દોષી કરાર આપતા રણજીત કોહલી ઉર્ફ રકીબુલ હસન ને આ જીવન કારાવાસની સજા સંભળાવી છે.
(ધર્માંતરણ કરતાં પહેલાં સૌ વખત વિચારી લો અંતે પસ્તાવો ના કરવો પડે)
મિત્રો, સનાતન ધર્મ સત્ય છે .સનાતન ધર્મ કી જય.
??
લીના શર્મા..
હાલોલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO - 0050
વિષય - સનાતન ધર્મ/ ધર્મોતરણ
વિભાગ - ગદ્ય
શબ્દો - ૧૭૫
શીર્ષક - વૃત્તિ નો વિકાસ
રચનાકાર - રાગીની શુક્લ "રાગ"
મુંબઈ.
.......................................

ત્રિવિધ રત્નો આપણા જ્ઞાન, ભક્તિને કર્મમાં. આ સ્વસ્થતા પૂર્વક જીવનમાં અહંકારને
રાગદ્વેષ છોડીને કરવાથી જ મનુષ્યમાં મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે ને સત્યતા પ્રસ્થાપિત થાય છે. એ આપણો સનાતન ધર્મ કહેવાય.

સનાતન સનાતન સત્યનું સત્ય સ્વરૂપ આજનાં ધાર્મિકોએ રહેવા દીધું છે ખરું..? શાંત ચિત્તે આગ્રહો હઠાગ્રહો છોડી શુદ્ધ બુદ્ધિને શુદ્ધ મનથી વિચારો જરા. ત્રિમાર્ગ વામીને ત્રિકર્મેરતના સિદ્ધાંત પર ઉભેલો ધર્મ એ જ સનાતન ધર્મ .

આ ત્રિરત્નોનું સત્યતાપૂર્વક આચરણ શું દેખાય છે. જ્યાં આચરણ નથી ત્યાં ધર્મ જ નથી. માણસનું પરિવર્તન આંતરિક ના કરી શકે. માણસને પરમાત્મા સ્વરૂપ બનાવી શકે નહીં? સત્ય એ જ પરમાત્મા છે.

અંતરાત્મા, માનસિક જગતને સ્થૂળજગત ત્રણેય સ્થળે પરમાત્મા પ્રકૃતિ, સૃષ્ટિ અને પ્રકૃતિથી ઉત્પન્ન થતી મહાશક્તિ દ્વારા ચાલવા વાળો વિશ્વરૂપ સનાતન ધર્મ છે.

પોતાનો આત્મપ્રકાશ પાથરી દે છે .અંતઃકરણનું જોડાણ સનાતન ધર્મ ત્રિવિધ છે. અંહકાર ને રાગદ્વેષ છોડીને મનુષ્યમાં મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે? સનાતન ધર્મની આખરી મંજિલ એટલે આત્મશુદ્ધિ કરી પરમાત્માની સાથે મળવું? દ્વૈત્યમાંથી અદ્વૈતતા પ્રાપ્ત કરવી આખરી મંઝિલ છે.ત્રિમાર્ગી ગતિથી પરમાત્મા સુધી પહોંચાય છે. ને પરમાત્મા બહાર નહીં અંતરમાં જ છે. જાગૃતિ પૂર્વક સ્થિર થઈ ત્રિરત્નની સિદ્ધિ મેળવી સત્ય, પ્રેમ ને શક્તિથી બ્રહ્મ પ્રાપ્તિ બળ મળે છે. માનવ હૃદયમાં રહેલી રાક્ષસી વૃતિનો લોપ અને સત્ય સ્વરૂપ શુદ્ધ સાત્વિક પવિત્ર વૃત્તિનો વિકાસ થાય એ જ સનાતન ધર્મ છે.

રાગીની શુક્લ "રાગ"
મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO.:0101
વિષયઃ સનાતન ધર્મ/ધર્માન્તરણ
શીર્ષક : ધર્મ-અધર્મ
શબ્દો : ૪૪૫
નામ : ભરત સાંગાણી

સનાતન ધર્મ અનુસાર લોક પરલોકના સુખોની સિદ્ધિ હેતુ સાર્વજનિક પવિત્ર ગુણો અને કર્મોને ધારણ તથા સેવન કરવુ તે જ ધર્મ છે. શાસ્ત્ર અનુસાર ધર્મ, જે વ્યવાહરિક અને આચરણીય છે, તે ધર્મ કહેવાય છે.
વાસ્તવમાં ધર્મ આત્મોન્નતિ, આત્મ કલ્યાણનો પવિત્ર માર્ગ છે. જે આ માર્ગ પર ચાલવા માગે છે તેણે ધર્મના સાચા સ્વરૂપને શોધવું જોઈએ.
સંસ્કૃતમાં કહ્યું છે કે જે ધારણ કરવામાં આવે તે ધર્મ. શું ધારણ કરવું જોઈએ? સારા વિચારો, પ્રેમ, દયા, કરુણા, સહકાર, અન્યને મદદ કરવાની વૃત્તિ વગેરે સદગુણોને ધારણ કરવા ને તેને યોગ્ય આચરણ કરવું આ ધર્મ. તે જ અધ્યાત્મ. જે આત્મા અથવા બ્રહ્મનું અધ્યયન દર્શાવે છે.
ઉપર કહેલી વાત બધાં જ ધર્મ-વિચારધારાઓ સાથે સુસંગત છે.
જ્યારે વ્યક્તિ કોઈ એક વિચારધારામાં મૂંઝારો અનુભવતો હોય, તેના પર જુલ્મ થતો હોય, યાતનાઓ સહન કરવી પડતી હોય, ઈષ્ટ દેવના મંદિરમાં કે જાહેર કુવા તળાવમાંથી પાણી લેવા પર પ્રતિબંધ હોય, એકલવ્યની જેમ શિક્ષણથી વંચિત રાખવામાં આવે, સંસ્કારો નિભાવી ન શકતો હોય, સન્માનીય જીવન જીવવાના સામાન્ય સમાન હકો પર તરાપ લાગતી હોય એને એનો શ્વાસ ઘૂંટાતો હોય એવી લાગણી થાય. જાણે તે અવતાર પાપયુક્ત હોય એવી સંવેદના થાય ત્યારે તે જીવનમાંથી બહાર આવવાનો, પાખંડથી બચવા અન્ય ધર્મ તરફ વળવું, પરિવર્તન કરવું તે ધર્માન્તરણ. આ સ્વાભાવિક છે. મનુષ્ય છે તો ધર્મ છે અને સારું જીવન જીવવાનો દરેકને અધિકાર છે. એટલે મનુષ્ય જે વિચારધારામાં તેની આત્મ ઉન્નતિ જુવે, તે તરફ વળે તેમાં કશું ખોટું નથી.
પ્રાચીન કાળમાં જૈન અને બૌદ્ધ ધર્મમાં સનાતનીઓનું ધર્માન્તરણ થયું. મધ્યકાળમાં તે ઉપરાંત ઈસ્લામ અને શીખ ધર્મમાં ધર્માન્તરણ થયું અને આધુનિક કાળમાં સનાતનીઓનું ઈસાઈ, બૌદ્ધ અને ઈસ્લામમાં ધર્માન્તરણ જારી છે. આ નિરંતર ચાલતી સહજ પ્રક્રિયા છે.
પ્રશ્ન ત્યારે આવે જ્યારે આવી પ્રક્રિયા બળજબરી દહેશત ફેલાવીને કરાય. તો તેને અટકાવવા માટે પર્યાપ્ત કાયદાઓની જોગવાય છે.
તમે જે ધર્મ-વિચારધારામાં માનતા હો, સમાજમાં- કુટુંબમાં સંતાનોમાં એવા દઢીભુત સંસ્કારનું સિંચન શા માટે કરવામાં નથી આવતું? જેથી તેને અન્ય ધર્મ પ્રત્યે આકર્ષણ જ પેદા ન થાય, તે તરફ વળે જ નહીં. જો પ્રેમ અહિંસાના માર્ગે સૌને જોડવામાં આવે તો ઘણું આસાન છે. આપોઆપ મહદઅંશે ધર્માન્તરણનો પ્રશ્ન પણ ઉકલી જશે. સનાતન વિચારધારામાં રહેલ માનવ ધર્મ જ તેનો રાહ છે.
માનવ ધર્મ એટલે માનવતા- સારા ગુણોનું આચરણ. તે જ ધર્મ એનાથી વિશેષ કશું નહીં. દરેક ધર્મ-વિચારધારા સાથે તે સુસંગત છે. ધર્મ યુધ્ધ એટલે ધર્મ-અધર્મ, એટલે સત્ય અને ન્યાયનો, અસત્ય અને અન્યાય સામેનો જંગ. ગીતાને આજ અભિપ્રેત છે. કુરુક્ષેત્રનું યુદ્ધ અસત્ય અને અન્યાય સામેનું જ હતું.
માનવ ધર્મને સનાતનથી અલગ પાડવાની વાત નથી. સનાતની વિચારધારામાં માનવીય ધર્મનું ફૂલ ખીલવવાની વાત છે જે અત્યારે દંભ પાંખડ મિથ્યાભિમાન અહંકાર નફરત ઝેરના સીંચનથી મુરઝાઈ રહયું છે. ખરેખર તો ચેતવાનું અંદરના દુશ્મનો જૈનો અને સ્વામિનારાયણી છે જે સનાતનના પોત- વિચારધારાને હાની પહોંચાડી રહ્યાં છે. ફોલી રહ્યા છે. અન્ય વિચાધારાઓના અન્યાયી રસ્તાને તો તમે કાયદાથી પહોંચી શકશો. અંદરના ભેદીનો સામનો કેવી રીતે કરશો?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS No. : 0141*
★વિષય : "સનાતન ધર્મ અને ધર્માંતરણ"★
★શીર્ષક : ધર્મ અને ધર્માંતરણ★
★શબ્દો : ૪૪૭★
★લેખકનું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"★

સનાતન એટલે શિવ, શાશ્વત, સદાનું, કાયમનું,
આભાર - નિહારીકા રવિયા હંમેશાંને માટે ચાલ્યું આવતું, અવિનાશી, નિશ્ચલ, સ્થિર. હિન્દુ ધર્મમાં, પૌરાણિક માન્યતા પ્રમાણે "સનાતન"એ બ્રહ્માના ચાર માનસ પુત્રોમાંનો એક છે.

સનાતન એટલે જૂના સમયથી ચાલ્યું આવતું, અનાદિ; મૂળ; અસલ; પ્રાચીન; જૂનામાં જૂનું; જીવનની શરૂઆત થઈ ત્યારથી બદલાયા વિનાનું, પ્રથમનું.

સનાતન દરેક હોઈ શકે. વર્ષોથી સતત ચાલ્યું આવતું વાતાવરણ, જીવન, સ્થિતિ, વાણી, વ્યવહાર, પહેરવેશ, જડ, ચેતન, દેશ, દુનિયા, આકાશ અને બ્રહ્માંડમાં વ્યાપ્ત તમામ તત્વ, જેને કર્તવ્ય, ધર્મ, ભગવાન, ઈશ્વર કે શિવ કહી શકો છો. "સનાતન" શબ્દ ખાસ કરીને ધર્મ, કર્તવ્ય, ફરજ સાથે સંકળાયેલો છે.

સનાતન ધર્મ એટલે શું ?

સનાતન ધર્મ એટલે કાયમને માટે ચાલ્યો આવતો, ફેરફાર વિનાનો, તેના મૂળ સ્વરૂપને વળગી રહેલો, આચાર વિચાર. પવિત્ર રહેણીકરણી દ્વારા ઈશ્વરને, પરમ તત્વને, પામવા માટેના માનવીઓના સહિયારા પ્રયત્નો. સનાતન ધર્મ એટલે ત્રણ સ્વરૂપે, ત્રણ પ્રકારે, ત્રણ કર્મોના સિધ્ધાંત - પાયા પર ટકેલો ધર્મ. ત્રિવિધ સ્વરૂપ એટલે જ્ઞાન, ભક્તિ અને કર્મ.

ધર્મ માણસનું આંતરિક રીતે સત્ય સ્વરૂપમાં પરિવર્તન કરી, તેમાં સ્થિર કરી, અને એને પરમાત્મા સ્વરૂપ બનાવે છે. જે સત્ય છે એજ પરમાત્મા છે. જેને જે સ્વરૂપે સત્યનું દર્શન થયું, તેણે તે સ્વરૂપે દર્શન કરવા માટે, અન્યોને જ્ઞાન આપ્યું, તે સમય જતાં ધર્મ તરીકે પ્રસ્થાપિત થયું. આવા એકથી વધારે તત્વ ચિંતકો દ્વારા અનેકવિધ સ્વરૂપે ધર્મનું સ્થાપન થયું. દેશ અને દુનિયામાં અનેક નવા નવા ધર્મો ઉદભવ પામ્યા.

સૃષ્ટિનો આવિર્ભાવ થયો ત્યારથી માનવીને એનું રહસ્ય જાણવાનો વિચાર આવ્યો. "હું" કોણ? ક્યાંથી આવ્યો? શા માટે આવ્યો? - જેવા પ્રશ્નોના જવાબ મેળવવા અને "હું" ની સાચી શોધમાં, આ સૃષ્ટિને ચલાવનાર કોઈક છે! "તે કોણ છે?" વગેરે જાણવાની જિજ્ઞાસાથી દ્વૈત ભાવ આવ્યો. સનાતન ધર્મમાં "અહમ્ બ્રહ્માસ્મિ, જગત મિથ્યા" "હું અને જગત", "આત્મા અને પરમાત્મા" વગેરેને જાણવા માટેના અસંખ્ય રસ્તાઓ છે.

અહંકાર અને રાગદ્વેષ છોડી આત્મશુદ્ધિથી આચરણ કરવાથી મનુષ્યમાં માનવતા પ્રાપ્ત થાય છે. સત્યતા પ્રસ્થાપિત થાય છે. જ્ઞાન, ભક્તિ અને કર્મ, આ ત્રણ દ્વારા પરમાત્માની સાથે એકત્વ સાધવાનું છે. પરમાત્મા કોઈ બહાર નથી અંદર જ છે. સત્ય, પ્રેમ અને સેવા સનાતન ધર્મના પાયા છે.

જે ધર્મના આચરણ થકી, પોતાના અહંકાર, રાગદ્વેષ અને વાસનાઓને પોષણ મળે તથા પોતાનાં લાભ અને લોભની વૃતિને પૂર્ણ કરવાની ઉત્તમ તકો મળે તે ધર્મ, ધર્મ નથી. અત્યારે સમાજમાં અનેક પ્રકારના ધર્મો ફૂલ્યા ફાલ્યા છે. ઠેક ઠેકાણે ચાલતા અને પ્રસિદ્ધિને વરેલા, વધારે અનુયાયી વધે તેવા દેખાડા કરતા અને લડાઈ ઝઘડાને પ્રોત્સાહન આપતા, પંથ, સંપ્રદાય એ ધર્મનું સાચું આચરણ શીખવતા નથી. એનકેન પ્રકારેણ નકામી વૃત્તિઓને પોસવાના પ્રયાસો આપે છે.

ધર્મ સમગ્ર રૂપે માનવ સમાજનું કલ્યાણ કરે છે. સમાજની ઉન્નતી કરે છે. સનાતન ધર્મ, માણસનાં માનસમાં રહેલી રાક્ષસી વૃત્તિઓનો લોપ કરે છે. ધર્મ શ્રધ્ધા શીખવે છે અને અંધશ્રધ્ધા દૂર કરે છે. સનાતન ધર્મમાં આવી તો અનેક અદ્ભુત વાતો છે.

ધર્મના સાચા જ્ઞાનના અભાવે લોકો ધર્માંતરણ કરતા થયા છે. ગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે પોતાનો(નિજ) ધર્મ પાળવો. અન્ય ધર્મ ભયાવહ છે. પોતાનો ધર્મ પાળવા જતાં મૃત્યુ મળે તો પણ શ્રેષ્ઠ છે....!!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

N.O.G. S.S No.: - 130
વિષય - સનાતન ધર્મ અને ધર્માંતરણ
શીર્ષક - ધર્મ અને જરૂરિયાત
શબ્દો - ૧૭૯
લેખક - જાનકી સોની

ઝારખંડ પાસે સારંદા વનવિભાગમાં અધિરાજની વન વિભાગ અધિકારી તરીકે નિમણૂક થઈ. અધિરાજ જંગલમાં વસતા આદિવાસી પરિવારોને મળવા ગયો તો તેને અમુક આદિવાસીઓએ એવું કહીને રોક્યો કે મહિનાનો એક દિવસ તેઓ તેમના ધર્મ અનુસાર પૂજા કરે છે આખો દિવસ સાથે રહે છે અને અન્ય વ્યક્તિઓના પ્રવેશ માટે પ્રતિબંધ હોય છે તેથી અધિરાજ તે દિવસે પાછો ફર્યો. અમુક કારણોસર અધિરાજ ફરીથી મળવા જઇ શક્યો નહીં અને જે દિવસે મળવા જવાનું શક્ય બન્યું એ દિવસે ત્યાં પહોંચતા જ અધિરાજને એકદમ ઝબકારો થયો કે આજે ફરી આદિવાસી લોકો માટે પૂજા કરવાનો તેમજ સાથે રહેવાનો દિવસ છે તેથી તે આજે પણ તેમને મળી શકશે નહિ પરંતુ તે પાછો ફરતો હતો ત્યારે તેણે બધાને ત્યાં નાની મોટી ટુકડીઓમાં અલગ અલગ જગ્યાએ ફરતા જોયા તો અધિરાજને કશુંક અસામાન્ય લાગ્યું તેથી તે તપાસ કરવા માટે ગયો તો તેને જાણવા મળ્યું કે આજે તેના પ્રવેશ માટે ત્યાં કોઈ પ્રતિબંધ નથી કારણકે તે વિસ્તારમાં એક ધર્મગુરુ આવ્યા હતા અને તેમણે બધાને જીવન જરૂરિયાતની બધી વસ્તુઓ આપીને નવો ધર્મ પાળવા માટે તેમનું ધર્માંતરણ કરવામાં આવ્યું છે અને હવેથી ધર્મગુરુ તરફથી તેમને દર મહિને જીવન જરૂરિયાતની બધી વસ્તુઓ પૂરી પાડવામાં આવશે.

# એમસીએક્સ પર ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૨૮૧નો ઉછાળોઃ સોનામાં રૂ.૫૫૯ અને ચાંદીમાં રૂ.૫૦૪ની વૃદ્ધિ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૫,૭૮,૭૧૪ સોદાઓમાં કુલ રૂ.૫૪,૫૨૩.૮૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૦,૩૩૪.૦૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૪૪૧૭૮.૨૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૯,૮૯૬ સોદાઓમાં રૂ.૫,૭૦૦.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૫૬૧ અને નીચામાં રૂ.૫૭,૦૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૫૯ વધી રૂ.૫૭,૪૩૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૩૯ વધી રૂ.૪૬,૩૩૫ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૪ વધી રૂ.૫,૭૬૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૦ વધી રૂ.૫૭,૧૪૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૮,૭૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૨૦૦ અને નીચામાં રૂ.૬૮,૫૨૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૦૪ વધી રૂ.૬૮,૬૭૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫૩૩ વધી રૂ.૬૮,૭૫૯ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫૦૫ વધી રૂ.૬૮,૭૯૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૩૬૬ સોદાઓમાં રૂ.,૯૬૨.૯૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૭૦૭.૦૦ના ભાવે ખૂલી, રૂ.૪.૪૦ વધી રૂ.૭૧૦.૩૦ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ વધી રૂ.૨૦૬.૪૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૧૮૮ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ વધી રૂ.૨૨૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ વધી રૂ.૨૦૮.૪૫ સીસુ-મિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ વધી રૂ.૧૮૮.૨૦ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧.૨૦ વધી રૂ.૨૨૪.૧૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૬૫,૨૩૨ સોદાઓમાં રૂ.૩,૬૬૦.૧૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૦૪૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૮૯ અને નીચામાં રૂ.૭,૦૪૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૧ વધી રૂ.૭,૧૫૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨૮૨ વધી રૂ.૭,૧૫૬ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૮૦ના ભાવે ખૂલી, રૂ.૮.૬૦ વધી રૂ.૨૮૪.૫૦ અને નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૮.૯ વધી ૨૮૪.૬ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૦.૩૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૦૦૦ અને નીચામાં રૂ.૫૯,૯૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૦ વધી રૂ.૫૯,૯૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૭૦ ઘટી રૂ.૯૩૩.૫૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૫૮૫.૧૧ કરોડનાં ૪,૫૦૨.૨૧૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૧૧૫.૫૦ કરોડનાં ૪૫૧.૨૭૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૩૪૦.૪૧ કરોડનાં ૧૮,૭૫,૮૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨,૩૧૯.૭૮ કરોડનાં ૮,૦૫,૭૨,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૩૭.૪૨ કરોડનાં ૬,૬૫૫ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૬૩.૬૫ કરોડનાં ૩,૩૭૮ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૧૨.૯૦ કરોડનાં ૭,૨૦૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૪૮.૯૯ કરોડનાં ૧૧,૦૭૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ..૫૮ કરોડનાં ૯૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૯.૭૨ કરોડનાં ૧૦૩.૬૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૦૦.૫૭૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૩૮૯.૬૮૫ ટન, તાંબાના વાયદાઓમાં ૧૯,૧૮૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૭૦૨ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૭૫૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૧,૩૧૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૨,૦૭,૫૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૦૦,૧૩,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૫,૮૦૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૫૨.૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૧.૫૩ કરોડનાં ૧૫૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૯૮૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૫,૦૭૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૧૯૮ અને નીચામાં ૧૫,૦૭૫ બોલાઈ, ૧૨૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૩૨ પોઈન્ટ વધી ૧૫,૧૫૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૪૪૧૭૮.૨૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૯૫૧.૪૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૯૫૧.૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૫૫૬૦.૪૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૭૦૧.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૯૨૨.૬૩ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૫.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૨ અને નીચામાં રૂ.૧૨૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૨.૯૦ વધી રૂ.૧૭૯.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૩૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૩૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૦.૩૫ અને નીચામાં રૂ.૫ રહી, અંતે રૂ.૪.૪૫ વધી રૂ.૯.૦૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૨.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭૮ અને નીચામાં રૂ.૫૩૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯૮ વધી રૂ.૬૨૨ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૬.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૦૦ અને નીચામાં રૂ.૪૮૦ રહી, અંતે રૂ.૧૭૦.૫૦ વધી રૂ.૫૭૭ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૯૯.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૯૭ વધી રૂ.૧,૬૩૭ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો
આભાર - નિહારીકા રવિયા
કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૫૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૧૬.૫૦ વધી રૂ.૧,૭૧૦.૫૦ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૯૪ વધી રૂ.૭.૮૯ જસત ઓક્ટોબર રૂ.૨૨૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨.૫૫ વધી રૂ.૪.૬૯ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૯.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૯.૮૦ અને નીચામાં રૂ.૧૩૬.૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૭ ઘટી રૂ.૧૬૫.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૩.૭૫ અને નીચામાં રૂ.૧૦.૮૦ રહી, અંતે રૂ.૩.૧૦ ઘટી રૂ.૧૨.૫૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨૦.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૮૮ અને નીચામાં રૂ.૫૯૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬૭ ઘટી રૂ.૬૧૬.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૫ અને નીચામાં રૂ.૭૦ રહી, અંતે રૂ.૧૧૫ ઘટી રૂ.૧૧૩ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૭૦૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૭૫.૫૦ ઘટી રૂ.૨,૯૧૪.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૬૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૧૫.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૩૨ ઘટી રૂ.૧,૭૧૨.૫૦ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૧.૩૯ ઘટી રૂ.૪.૧૦ થયો હતો.




ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ૨૫૦ કિલો કરતા વધારે વેસ્ટ એકત્ર કરવામાં આવ્યું. આ અવસરે મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સેકટર-૫ સિનિયર સીટીઝન હોલ ખાતે ઉપસ્થિત રહી અભિયાનમાં સહભાગી થવા બદલ તેમજ સ્વચ્છતા બદલ અભિનંદન પાઠવ્યા. મેયરશ્રી એ જણાવ્યું હતું કે આવો, આપણે સૌ સાથે મળીને ગાંધીનગરને પ્લાસ્ટિક મુક્ત - સ્વચ્છ બનાવીએ.આ કાર્યક્રમમાં ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, ડે. કમિશનરશ્રી કેયુરભાઈ જેઠવા, અધિકારીશ્રીઓ, વસાહત મહાસંઘના હોદેદારશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.




આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ પ્રેરિત શહીદોના સ્મરણાર્થે આયોજિત "મેરી માટી મેરા દેશ" કાર્યક્રમ અંતર્ગત મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ પંચ પ્રણના શપથ લઈ 'અમૃત કળશ યાત્રા' પ્રસંગે વોર્ડ નં-૯ માં સેકટર-૩ ખાતે સહભાગી બન્યા હતા. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે આવો, આપણે સૌ આ યાત્રામાં જોડાઈ માટીને નમન કરીએ અને વીરોને વંદન કરીએ. આ કાર્યક્રમમાં સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ, શહેર મહામંત્રીશ્રી, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# આમ આદમી પાર્ટીમાં પાટણ તાલુકા મહામંત્રી તરીકે માનસિંહ આર ચૌધરીની કરાઈ નિમણુક

આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મંત્રી મનોજ સોરઠીયા ની સાથે વિચાર વિમર્શ કર્યા બાદ આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા પાટણ જિલ્લાના તાલુકાઓ માટે નવનિયુક્ત હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી.



જ્યારે આમ આદમી પાર્ટી માં પાટણ તાલુકા માં નવનિયુક્ત માનસિંહ ભાઈ આર ચૌધરીની તાલુકા મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે જ્યારે આમ આદમી પાર્ટી પાટણ જિલ્લાના હોદ્દેદારો દ્વારા માનસિંહભાઈ ચૌધરીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે કે માનસિંહ ભાઈ આર ચૌધરી પાટણ આમ આદમી પાર્ટીમાં તાલુકા મહામંત્રી તરીકે તટસ્થ રીતે કામગીરી કરે અને ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે તેવી પણ શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# પાટણની ધારપુર હોસ્પિટલમા કેદીએ ગળેફાસો ખાઇ જીવન ટૂંકાવ્યું.

પાટણ ની સુજનીપુર ની સબજેલમા ચોરીના ગુનામાં કાચા કામના કેદી તરીકે લવાયેલા કાંકરેજ તાલુકાના ઉંબરી ગામના જીતુભા કેશાજી વાઘેલા ઉ.વ.૩૭ નાને બે દિવસ પૂર્વે પાટણની ધારપુર હોસ્પિટલમા સારવાર માટે કેદી વોર્ડમા ખસેડવામાં આવ્યો હતો જ્યા તેને અગમ્ય કારણોસર કેદી વોર્ડના બાથરૂમમા ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી બનાવના પગલે ડી.વાય.એસ.પી સહીતનો પોલિસ કાફલો ધારપુર હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો તમજ કાચા કામના કેદીની આત્મહત્યા પાછળનું કારણ જાણવા પોલિસે ઝીણવટભરી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું



આ બનાવની મળતી હકીકત મુજબ પાટણ નજીકની સુજનીપુર સબજેલમા કાચા કામના કેદી તરીકે ચોરીના ગુનામા લવાયેલા કાંકરેજ તાલુકાના ઉંબરી ગામના જીતુભા કેશાજી વાઘેલાની તબીયત લથડતા તેઓને પોલિસ બંદોબસ્ત વચ્ચે તારીખ.૭. સ્પટેમ્બરના રોજ ધારપુર હોસ્પિટલના કેદી વોર્ડમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો ત્યારે સોમવારના રોજ તેને ફરજ પરના પોલિસ કર્મચારીને ન્હાવા માટે જવુ છે તેમ જણાવી બાથરૂમની અંદરજ તેણે આત્મહત્યા કરી પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી બનાવની જાણ ફરજ પરના પોલિસ કર્મચારીને થતા તેઓએ ફરજ પરના તબીબી સહીત તેઓના ઉપરી પોલિસ અધિકારીને સઘળી હકીકત જણાવતા ડી.વાય.એસ.પી સહીત પોલિસ કાફલો ધારપુર હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો જોકે કાચા કામના કેદી જીતુભા વાઘેલાએ ક્યા કારણોસર આત્મહત્યા કરી પોતાની જીવનલીલા સંકેલી લીધી હોવાની બાબતે પોલિસે ઝીણવટભરી તપાસ હાથ ધરી હોવાનું જણાવ્યું હતું
રિપોર્ટરઃ નિખીલ જોષી પાટણ બ્યુરો






શ્રી નરનારાયણદેવ દેશના સ.ગુ.શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજી સ્વામી અક્ષરધામવાસી થયા. આ દુઃખદ વેળાએ મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨૩ ખાતે સ્વામીજીના અંતિમ દર્શન કર્યા. મેયરશ્રી એ ઈશ્વર એમની પુણ્યશાળી આત્માને શાંતિ અર્પે તેમજ અનુયાયીઓને આ દુઃખ ની ઘડીમાં સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના કરી.

# યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંતભાઇ કોરાટે એશિયન ગેમ્સમાં રમતવીરોને શાનદાર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને રમત ગમત ક્ષેત્રે દેશને મજબૂત કરવા બદલ આભાર વ્યકત કર્યો

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રમતવિરો માટે વિશેષ બજેટ ફાળવી ભવિષ્યમાં વધુમાં વધુ મેડલો દેશમાટે મળે અને રમત ગમત ક્ષેત્રે પણ ભારત એક શક્તિશાળી દેશ તરીકે ઉભરી આવે તે માટે સતત પ્રયત્નશીલ છે. ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શન હેઠળ એશિયન ગેમ્સ ૨૦૨૩માં ગુજરાતમાંથી ૮ ખિલાડીઓએ ભાગ લીધો હતો જેમના પ્રોત્સાહન માટે તેમના ઘરે જઇ યુવા મોરચાની ટીમ દ્વારા અભિનંદન પાઠવવામાં આવશે. એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતીય દેશના ખિલાડીઓએ જુદી-જુદી રમતાં જીતી ૧૦૭ મેડલ પ્રાપ્ત કર્યા છે. ભારતીય ખિલાડીઓએ ૨૮ ગોલ્ડ, ૩૮ સિલ્વર,૪૧ બ્રોન્સ જીત્યા છે. મેડલ મેળવવાની યાદીમાં પણ ભારતના ખિલાડીઓએ ૧૦૭ મેડલ સાથે ટોપ-૪માં સ્થાન મેળવ્યું છે. એશિયન ગેમ્સમાં ભારતના ખિલાડીઓએ શાનદાર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવતી પ્રેસ કોન્ફરન્સ આજ રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાઇ હતી.

શ્રી કોરાટે જણાવ્યું કે, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં અને રમત ગમત મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીના નેતૃત્વમાં ખૂબ જ ટુંકા સમયમાં ગુજરાત ખાતે નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૮ ખેલાડીઓએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા. આ નેશનલ ગેમ્સ થકી ઘણા ખેલાડીઓને એસિયન ગેમ્સમાં ભાગ લેવાની તક મળી હતી.




આ પ્રેસમાં યુવા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી ડો.પ્રશાંત કોરાટે સંબોધન કરતા જણાવ્યું હતું, એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતીય ખિલાડીઓએ પહેલી વખત ૧૦૦થી વધુ મેડલ પ્રાપ્ત કરી ભારત દેશું ગૌરવ વધાર્યુ છે.

એશિયન ગેમ્સ ૨૦૨૩માં ગુજરાતમાંથી ૮ ખિલાડીઓએ ભાગ લીધો હતો જેમના પ્રોત્સાહન માટે તેમના ઘરે જઇ યુવા મોરચાની ટીમ દ્વારા અભિનંદન પાઠવવામાં આવશે. – શ્રી ડો.પ્રશાંત કોરાટ

----

કોંગ્રેસની સરકારમાં રમતગમત ક્ષેત્રે પુરતુ પ્રોત્સાહન આપવામાં આવતુ નહતું. ખિલાડીઓને યોગ્ય દિશા અને જરૂરી મદદ મળતી ન હતી. રમતોમાં ખિલાડીઓને માર્ગદર્શન આપનાર કોચની વ્યવસ્થા પણ ન હતી જેથી દેશના રમતવીરોને તક મળતી ન હતી – શ્રી ડો. પ્રશાંત કોરાટ

----

દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે રીતે દેશમાં નવી સ્પોર્ટસ નીતી બનાવી જેના કારણે આજે યુવાનો જુદી જુદી રમતમાં નાના ગામડાથી લઇ મોટા શહેરોના ખિલાડીઓએને તેમની પ્રતિભા સાબિત કરવાની એક ઉજળી તક મળી રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના રમતવિરોને ખેલો ભારતના માધ્યમથી પ્રોત્સાહીત કર્યા છે. ૯૬૦ જેટલા રમતગમત કેન્દ્ર અને ૬૫૨ થી વધુ જિલ્લાની અંદર ૩ હજાર કરોડથી વધુની રકમનો ખર્ચ કરીને ૩૨ હજાર જેટલા રમતવિરોને યોગ્ય પ્લેટફોર્મ આપ્યુ છે. જે આજે એશિયન ગેમ્સમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શનમાં આપણે જોઇ શકીએ છીએ.

શ્રી કોરાટે વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસની સરકારમાં રમતગમત ક્ષેત્રે પુરતુ પ્રોત્સાહન આપવામાં આવતુ નહતું. ખિલાડીઓને યોગ્ય દિશા અને જરૂરી મદદ મળતી ન હતી. રમતોમાં ખિલાડીઓને માર્ગદર્શન પાડતા કોચની વ્યવસ્થા પણ ન હતી જેથી દેશના યુવા પ્રતિભાને ખીલતી ન હતી. ૨૦૧૪માં ઈન્ટર સાઉથ કોરિયાની એશિયન ગેમ્સમાં ભારતે ૫૭ મેડલ પ્રાપ્ત કર્યા હતા, જાપાનમાં યોજાયેલ અશિયન ગેમ્સમાં ૭૦ મેડલ પ્રાપ્ત કર્યા અને આ વખતે ૧૦૭ મેડલ જીતી ભારતીય ખિલાડીઓએ ઐતિસાહીક પ્રદર્શન કર્યુ છે. એશિયન ગેમ્સમાં ઐતિહાસીક પ્રદર્શન કરવા બદલ દરેખ ખિલાડીને ખૂબ ખૂબ અભિનંદ તેમજ વડાપ્રઘાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે રીતે રમત ગમત ક્ષેત્રે ચિંતા કરી રહ્યા છે તે બદલ તેમનો વિશેષ આભાર.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે, યુવા મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રી ડો.નરેશભાઇ દેસાઇ,યુવા મોરચા પ્રદેશ મીડિયાના કન્વીનરશ્રીઓ શ્રી લીલાધરભાઇ ખડકે, શ્રી કૃતિકભાઇ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# વાયબ્રન્ટ ગુજરાતથી ગુજરાતના ગામડા બન્યા વાયબ્રન્ટ અને આત્મનિર્ભર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ, ગુજરાત હવે વાયબ્રન્ટ ગુજરાતના દસમા સંસ્કરણના આયોજન તરફ અગ્રેસર છે. ૨૦ વર્ષ પહેલા વર્ષ ૨૦૦૩માં શરૂ થયેલી વાયબ્રન્ટ ગુજરાત સમિટના સફળ આયોજનના પરિણામે, ગુજરાત આજે એક ઔદ્યોગિક હબ બનીને ઊભું છે. છેવાડાના માનવી સુધી વિકાસના મીઠા ફળ પહોંચાડવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતાના લીધે, આજે ગુજરાતના ગામડાઓ સુધી આર્થિક સુખાકારી પહોંચી છે. અમદાવાદના સાણંદ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં વિશ્વની જાણીતી કંપનીઓએ એકમો સ્થાપિત કર્યા છે અને તેના પરિણામે, આસપાસના ગામડાઓમાં વસતા લોકોના જીવનમાં, આર્થિક અને સમાજિક ઉત્થાનનો નવો અધ્યાય શરૂ થયો છે.

સાણંદ-૨ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ દ્વારા આસપાસના ૪ ગામોની ૨૦૦૩ હેક્ટર જમીનને સંપાદિત કરવામાં આવી હતી. તેમાં બોળ, હીરાપુર, શિયાવાડા અને ચરલ ગામનો સમાવેશ થાય છે. અહીં કંપનીઓએ એકમો સ્થાપિત કર્યા બાદ, ગ્રામ પંચાયતને વ્યવસાય વેરાની આવક શરૂ થઈ છે. વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૨૧-૨૨ સુધીના સમયગાળામાં સૌથી વધુ બોળ ગામને ? ૧૩ કરોડથી વધુનો વેરો પ્રાપ્ત થયો છે. ત્યારબાદ હીરાપુર (? ૩.૯૫ કરોડ), ચરલ (? ૧.૯૭ કરોડ) અને શિયાવાડાને ? ૧.૩૧ કરોડનો વ્યવસાય વેરાની આવક થઈ છે.

★ગામ★
★વ્યવસાય વેરાની આવક (૨૦૧૨-૧૩ થી ૨૦૨૧-૨૨ સુધી)★

| | |
|---|---|
| બોળ | ? ૧૩,૦૯,૫૭,૩૭૯ |
| હીરાપુર | ? ૩,૯૫,૭૭,૪૯૧ |
| ચરલ | ? ૧,૯૭,૦૦,૬૬૯ |
| શિયાવાડા | ?૧,૩૧,૩૨,૩૪૩ |
| ★કુલ★ | ?૨૦,૩૩,૬૭,૮૮૨ |

★શૂન્યમાંથી વેરાની આવક કરોડો સુધી પહોંચી★

વર્ષ ૨૦૧૨-૧૩માં આ ચાર ગામડાઓમાં વ્યવસાય વેરાની આવક શૂન્ય હતી. જે વર્ષ ૨૦૨૧-૨૨માં સમયાંતરે વધતાં એક કરોડથી વધુ પહોંચી છે. વર્ષ ૨૦૨૧માં બોળ ગામની આવક ? ૨.૪ કરોડ, હીરાપુર (? ૯૩.૨૫ લાખ), ચરલ (? ૨૯.૪૫ લાખ) અને શિયાવાડાની આવક ? ૩૫.૨૬ લાખ થઈ છે.

★૧૦ વર્ષમાં છારોડી પંચાયતની આવક ?૧૫ કરોડથી વધુ★

સાણંદથી ૧૫ કિમી દૂર છારોડીમાં ટૈંહ્રઝના લીધે, છારોડી ગ્રામ પંચાયતની આવક પણ દસ વર્ષમાં બમણી થઈ છે. વર્ષ ૨૦૧૨-૧૩માં, છારોડી પંચાયતને વ્યવસાય વેરાની ? ૫૨.૩૮ લાખની આવક થઈ હતી, જે વર્ષ ૨૦૨૧-૨૨માં વધીને ? ૧.૩૫ કરોડ થઈ ગઈ છે. ૨૦૧૨-૧૩થી ૨૦૨૧-૨૨ સુધીમાં, છારોડી પંચાયતને ? ૧૫.૫૪ કરોડની વ્યવસાય વેરાની આવક થઈ છે.

★અમારા ગામમાં હવે ટેક્સ પેયર છે અને સૌનું જીવન ૩૬૦ ડિગ્રી બદલાઈ ગયું: સરપંચ, બોળ★

ઔદ્યોગિક એકમોના આગમનથી ગ્રામજનોના જીવનમાં આવેલા પરિવર્તન વિશે બોળ ગામના સરપંચ નરેન્દ્રસિંહ બારડે જણાવ્યું કે હવે આ ગામમાં ઘણા લોકો ટેક્સપેયર બની ગયા છે. ગામમાં સામાજિક અને આર્થિક સ્તરમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે અને ઘણા લોકોએ અલગ અલગ વ્યવસાયો શરૂ કર્યા છે, જેનાથી તેમના જીવનમાં ૩૬૦ ડિગ્રી પરિવર્તન આવ્યું છે. આસપાસના ગામડાઓમાં પણ તેનો પ્રભાવ જોવા મળ્યો છે અને અમારા જીવનમાં આવેલા આ પરિવર્તન માટે અને નરેન્દ્ર મોદી સાહેબનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

★બોળ ગામમાં ગટરલાઈનનું નેટવર્ક અને સીસીટીવી, પહેલી બાળકીના જન્મ પર રોકડ પ્રોત્સાહન★

બોળ ગામમાં થયેલા વિકાસકાર્યો અંગે વાત કરતા સરપંચ નરેન્દ્રસિંહ બારડે જણાવ્યું કે સમગ્ર ગામમાં ગટરલાઈનનું નેટવર્ક વિકસિત કરવામાં આવ્યું છે. ગામમાં આરસીસી રોડ, સીસીટીવી કેમેરા અને સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. પંચાયતમાંથી ગ્રામજનોને સૂચન આપવા માટે આખા ગામમાં સાઉન્ડ સિસ્ટમ ગોઠવી દેવામાં આવી છે. તે સિવાય કન્યા કેળવણીના ભાગરૂપે, કોઈ પણ પરિવારમાં પહેલી દીકરીનો જન્મ થાય તો પંચાયતના સ્વભંડોળમાંથી ? ૫ હજાર પ્રોત્સાહન તરીકે આપવામાં આવે છે. સ્વચ્છતા માટે ડોર ટુ ડોર કલેક્શનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.




સર્વ પિતૃ અમાસ શ્રાદ્ધ તર્પણ વિધિનું નિઃશુલ્ક તા.૧૪-૧૦-૨૦૨૩ શનિવારે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન અગીયારરસ માતાજી મંદિર રેલવે ફાટક પાસે,નવાવાડજ ખાતે ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ,નારણપુરા,નરોડા તથા અગીયારસ માતાજી મંદિરના સહયોગથી આયોજન કરવામાં આવ્યું છે જેમાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે ઉદ્દઘાટન દિપ પ્રાગટ્ય હસ્તે મા.શ્રીનરહરિભાઈ અમીન સાસંદ રાજ્ય સભા અને મુખ્ય મહેમાન શ્રીજીતુભાઈ પટેલ(ભગત),ધારાસભ્ય નારણપુરા વિધાનસભા-મહામંત્રી અમદાવાદશહેર,અતિથિ લા.વિકાસ જૈન ડીસ્ટ્રીક ગવર્નર ૩૨૩૨બી-૨ની ઉપસ્થિતિ રહેશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.